# સત્સંગ પ્રાજ્ઞ ખંડ - 3

## નિબંધ - ૧

# સૌને મોક્ષનો સમાન અધિકાર આપતું તત્ત્વજ્ઞાન

# Philosophy That Grants All Equal Rights to Moksha

### ભૂમિકા

'અક્ષરપુરુષોત્તમ દર્શન' પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન એટલે યથાર્થ સમજણ. તત્ત્વજ્ઞાનનો અધિકાર કેવળ શાસ્ત્રપંડિતોને જ હોય છે એમ નથી. સંસ્કૃત કે અંગ્રેજી જેવી અમુક ભાષાઓના જાણકારોને જ હોય છે એમ પણ નથી. તત્ત્વજ્ઞાનનાં દ્વાર તો સૌ માટે ખુલ્લાં જ હોય છે. ગાય દોહનાર જો ગાયને પીડા આપ્યા વગર સુખે દૂધ દોહી શકતો હોય તો તેને પણ ગોદોહન વિદ્યાનો તત્ત્વજ્ઞાની કહેવાય, વિદ્વાન કહેવાય. શુદ્ધ, સ્વાદિષ્ટ અને સુપાચ્ય ભોજન બનાવનારને રસોઈ બનાવવાની વિદ્યાનો આચાર્ય કે પંડિત કહેવાય. કોઈ મનુષ્ય વિદ્યાલય, મહાવિદ્યાલય કે વિશ્વવિદ્યાલયમાં ન ભણ્યો હોય તો પણ પોતપોતાના ક્ષેત્રનો પ્રખર પંડિત, વિદ્વાન કે તત્ત્વજ્ઞાની હોઈ શકે એ સત્ય હકીકત છે. દુનિયામાં આવા હજારો દાખલા જોવા મળશે.

આવું જ અધ્યાત્મક્ષેત્રના તત્ત્વજ્ઞાનમાં છે. અધ્યાત્મક્ષેત્રનું તત્ત્વજ્ઞાન એટલે બ્રહ્મવિદ્યા. બ્રહ્મવિદ્યા માનવમાત્ર માટે પરમ સુખનો ઉપાય છે. બ્રહ્મવિદ્યાનાં દ્વાર સૌ માટે ખુલ્લાં હોય છે. તેમાં અમુકનો જ અધિકાર છે એવું નથી. તેમાં સૌનો સમાન અધિકાર છે. બ્રહ્મવિદ્યા અહંકારયુક્ત જાતિભાવથી પર છે, ત્યાગી-ગૃહીના ભેદભાવથી પર છે અને સ્ત્રી-પુરુષભાવથી પણ પર છે. બ્રહ્મવિદ્યા તો સર્વ માટે છે. સર્વને સમાન રીતે આવકારતી હોય તે જ સાચી આધ્યાત્મિકતા છે.

પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન' એવું સર્વજીવહિતાવહ તત્ત્વજ્ઞાન છે. મુમુક્ષુમાત્ર આ તત્ત્વજ્ઞાનના અધિકારી છે, એટલે કે આ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ આ દર્શનમાં સૈદ્ધાંતિક રીતે સ્વીકારવામાં આવ્યું છે. પ્રસ્તુત લેખમાં આ સિદ્ધાંત અંગે ચિંતન કરીશું.

### સર્વજીવહિતાવહ તત્ત્વજ્ઞાન

નીચેનાં વચનો ધ્યાનથી વાંચો :

- 'જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને...' (વચનામૃત ગઢડા મધ્ય ૬૨, ગઢડા અંત્ય ૭, ૧૨ ઈત્યાદિ)
- 'જેને સુખ ઈચ્છવું હોય તેને...' (વચનામૃત ગઢડા અંત્ય ૩૮)
- 'જે પોતાના આત્માનું રૂડું થવાને ઈચ્છે તેને...' (વચનામૃત ગઢડા મધ્ય ૪૫)
- જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને....' (વચનામૃત ગઢડા મધ્ય ૬૩)
- 'જેને પરમેશ્વર ભજવા હોય તેને...' (વચનામૃત ગઢડા મધ્ય ૪૧)
- 'જેને ભગવાનમાં દૃઢ પ્રીતિ કરવી હોય તેને....' (વચનામૃત ગઢડા અંત્ય ૨૨)
- 'જેને ભગવાનને રાજી કરવા હોય તેને....' (વચનામૃત ગઢડા અંત્ય ૬)
- 'જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને....' (વચનામૃત ગઢડા પ્રથમ ૫૬)

- 'જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઈચ્છા હોય તેને...' (વચનામૃત ગઢડા મધ્ય ૩૭)
- 'જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને....' (વચનામૃત ગઢડા પ્રથમ ૩૦)
- ' જેને આ દેહે કરીને સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થવું હોય તેને....' (વચનામૃત ગઢડા મધ્ય ૪૦)

પરબ્રહ્મ સ્વામિનારાયણનાં આ વચનો છે. પરમ કલ્યાણ પામવાની વાત હોય કે પછી સુખિયા થવાની વાત હોય; બળ પામવાની વાત હોય કે પછી મલિન પ્રકૃતિ ટાળવાની વાત હોય; ભગવાન ભજવાની વાત હોય કે પછી ભગવાનને પ્રસન્ન કરવાની વાત હોય; અધ્યાત્મદર્શનના પ્રત્યેક ક્ષેત્રમાં શ્રીહરિએ 'જેને' ઈચ્છા હોય તે સૌને સંબોધીને પોતાની વાત માંડી છે, અર્થાત્ સ્વામિનારાયણ ભગવાને સર્વ માટે, સર્વ દ્વારો, ઊંચ-નીચના ભેદભાવ વગર, સમભાવ સાથે સદાય માટે ખુલ્લાં જ રાખ્યાં છે, એ બાબત ઉપરોક્ત વચનોમાં સ્પષ્ટ જોવા મળશે. આથી 'અક્ષરપુરુષોત્તમ દર્શન' સર્વજીવ-હિતાવહ તત્ત્વજ્ઞાન છે એમ સમજી શકાય છે.

## નાત-જાતના ભેદભાવથી પર તત્ત્વજ્ઞાન

સદાચારાદિનિષ્ઠો યો ક્વાપિ વર્ણસ્થિતો ભવેત્ ।
સ એવ સાધુર્મન્તવ્યઃ શ્રેષ્ઠશ્ચ ધાર્મિકો બુધૈઃ॥

જે મનુષ્ય સદાચાર જેવા સદ્‌ગુણોથી યુક્ત છે, તે ભલેને કોઈ પણ વર્ણમાં જન્મ્યો હોય, તેને સાધુ, શ્રેષ્ઠ અને ધાર્મિક જ માનવો.

મોક્ષનો અધિકાર સૌને છે. આથી તત્ત્વજ્ઞાન પણ ક્યારેય નાત-જાતના ભેદભાવમાં બંધાવું ન જોઈએ. સંસારનો પ્રત્યેક માનવી તત્ત્વજ્ઞાની થવા યોગ્ય છે. એમ છતાં અહંકારપ્રેરિત જાતિવાદને લીધે તેમાં સંકુચિત દૃષ્ટિનું દૂષણ આવી જાય છે.

સર્વની સુખાકારી માટે પ્રાચીન કાળથી વર્ણવ્યવસ્થાનો ભારતવર્ષમાં સ્વીકાર થયો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણોની વ્યવસ્થા સમાજને સુખી-સમૃદ્ધ બનાવવાના શુભ હેતુથી કરવામાં આવી હતી, પરંતુ સમય જતાં આ વ્યવસ્થા અહંકાર, ઈર્ષ્યા, પક્ષપાત્ જેવાં માનવ-સહજ દૂષણોથી ગ્રસ્ત થઈ. પરિણામે, સમાજ ઉચ્ચ-નીચ તથા સ્પૃશ્ય-અસ્પૃશ્ય જેવા હીન ભાવોથી ખરડાવા લાગ્યો.

આ હીન ભાવોની અસર કેવળ સામાજિક જીવન સુધી મર્યાદિત ન રહી. ભક્તિના ક્ષેત્રમાં તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પણ વર્ણભેદનાં દૂષણો પ્રવેશી ગયાં. અમુક વર્ણમાં જન્મેલ જ અમુક પ્રકારની ભક્તિ કરી શકે, તત્ત્વજ્ઞાન ભણી શકે - ભણાવી શકે – એવું અમુક લોકો માનવા લાગ્યા. એટલું જ નહીં, પરંતુ અમુક વર્ણમાં જન્મેલ મનુષ્યોને બ્રહ્મવિદ્યા જેવી પરમ કલ્યાણપ્રદ અને પરમ શાંતિપ્રદ વસ્તુથી પણ દૂર રાખવામાં આવ્યા. વ્યાસપીઠ ઉપર બેસવાનો અધિકાર પણ અહંકારપ્રેરિત વર્ણભેદથી સંકુચિત થયો, દૂષિત થયો.

પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને આ દૂષણને દૂર કરી, સર્વને સમાન રીતે તત્ત્વજ્ઞાનના અધિકારી બનાવ્યા. પ્રત્યેક વર્ણની પ્રત્યેક વ્યક્તિને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરી પરમપદ પામવાનો અધિકાર છે – તે વાતનું સૈદ્ધાંતિક રીતે પ્રતિપાદન કર્યું. તેમણે સર્વ માનવીઓને આત્મભાવથી જોયા. આત્માને નાત કઈ ને જાત કઈ? આથી તેઓએ જાતિવાદના દૂષણથી પર જઈને સર્વને સમાન રીતે અધ્યાત્મમાર્ગનો, તત્ત્વજ્ઞાનનો કે પછી બ્રહ્મવિદ્યાનો અધિકાર આપ્યો.

નીચેના એક પ્રસંગથી સ્વામિનારાયણ ભગવાનની આ આત્મભાવની ઉદારતાનાં દર્શન થશે. પ્રસંગ એક હરિજન-જ્ઞાતિમાં જન્મેલ બાળકનો છે. તે બાળક સ્વામિનારાયણ ભગવાન પાસે આવ્યો. 'તું કોણ છે?' શ્રીજીમહારાજે તે બાળકને પૂછ્યું.

'હરિજન.' જ્ઞાતિએ હરિજન હોઈ બાળકે જવાબ આપ્યો.

'ના, તું હરિજન નથી, તું તો આત્મા છે. માટે બોલ, હું આત્મા છું.' શ્રીજીમહારાજે તેને સાચી ઓળખ સમજાવી.

બાળક બોલ્યો : 'હું આત્મા છું.'

સ્વામિનારાયણ ભગવાન પ્રસન્ન થયા. છતાં ખાતરી કરવા પૂછ્યુંઃ 'બોલ, તું કોણ છે?' બાળક કહેઃ 'હરિજન.' શ્રીજીમહારાજ કહે: 'ના, હરિજન નહીં, તું તો આત્મા છે. માટે બોલ, હું આત્મા છું.' બાળક તેમ બોલ્યો. 'હવે બોલ, તું કોણ છે?' શ્રીજીમહારાજે પૂછ્યું. જવાબ આવ્યો - 'હરિજન.'

પછી તો શ્રીજીમહારાજે સો વખત તે બાળક પાસે બોલાવડાવ્યું કે હું આત્મા છું. બાળકને પણ હવે આ વાક્ય ગોખાઈ ગયું હતું. અંતે શ્રીજીમહારાજે પૂછ્યું: 'હવે બોલ, તું કોણ છે?' ત્યારે બાળક કહે: 'મહારાજ! આપ કહો છો એટલે કહું છું કે આત્મા

છું, પણ હકીકતમાં હું છું તો હરિજન જ.'

આ પ્રસંગમાં બાળકનો પોતાના માટેનો અભિપ્રાય જે હોય તે, પરંતુ સ્વામિનારાયણ ભગવાનનો આત્મભાવ જોવા જેવો છે. તેમના મતે ભલે તે બાળક હરિજન જ્ઞાતિમાં જન્મ્યો હોય, પરંતુ તે તત્ત્વજ્ઞાની થઈ જ શકે, ઉચ્ચ આધ્યાત્મિકતાનું પાન કરી જ શકે એ સ્પષ્ટ હતું.

ખરેખર, આવા અનેક આત્માઓને જ્ઞાતિવાદની ખાઈમાંથી ઉગારીને બ્રહ્મવિદ્યાના અધિકારી બનાવવા શ્રીજીમહારાજે નિર્ધાર કર્યો હતો. વળી આ અધિકારની સ્પષ્ટતા માટે તેમણે પોતાને ઉચ્ચ કુળમાં જન્મ્યાના અહંકારથી ગ્રસ્ત સમાજને પણ અધ્યાત્મના સાચા તત્ત્વજ્ઞાનનું દર્શન કરાવવાનું હતું, અને તે તેમણે કર્યું.

છાણી ગામના વણકર તેજાભાઈ તથા સૌરાષ્ટ્રમાં આવેલ તડ ગામના જેઠા કોળી જેવા યથાર્થ સમજણ અને પરિશુદ્ધ જીવન જીવી ગયેલ ભક્તોને અપાતો આદર તેનું આદર્શ પ્રમાણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

આ જ સર્વજીવહિતાવહ અભિગમ સ્વામિનારાયણ ભગવાનના અનુગામી બ્રહ્મસ્વરૂપ ગુણાતીત ગુરુઓએ અસ્ખલિત રીતે આજ દિન પર્યંત જાળવી રાખ્યો છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના મુખે વારંવાર સગરામ વાઘરી જેવા મહાન આત્માઓની આધ્યાત્મિક ઊંચાઈની વાત સાંભળી છે. એટલું જ નહીં, તેમણે તો સગરામ જેવા ભક્તોની આ મહાનતાનો પરિચય આખી દુનિયાને કરાવવા માટે તેમના જીવનપ્રસંગોને અક્ષરધામ જેવાં મહાસંકુલોમાં દર્શાવ્યા છે.

આથી જ બી.એ.પી.એસ.સ્વામિનારાયણ સંસ્થામાં આજે કોઈ પણ વર્ણના મુમુક્ષુ વિના સંકોચે દીક્ષા લઈ બ્રહ્મવિદ્યાની, અધ્યાત્મવિદ્યાની સુખે સાધના કરી શકે છે. દીક્ષા લેતાં પહેલાં ભલેને કોઈ ગમે તે વર્ણમાંથી આવ્યા હોય, અહીં તો સૌ ઊંચ-નીચના ભાવ રહિત થઈને, ભેગા મળીને, સમાન રીતે જ, સર્વ વ્યવસ્થાઓ પ્રાપ્ત કરી ગુરુહરિ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં બ્રહ્મવિદ્યાનાં સર્વોચ્ચ શિખરો સર કરે છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનમાં શાસ્ત્રોક્ત બ્રહ્મવિદ્યાને સમજવાનો, સમજાવવાનો, ભણવાનો, ભણાવવાનો, અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ-ઉપાસના કરવાનો અધિકાર કોઈ પણ વર્ણમાં જન્મેલ વ્યક્તિને સમાન રીતે છે એમ સૈદ્ધાંતિક રીતે સ્વીકારવામાં આવ્યું છે.

## ત્યાગી-ગૃહીના ભેદભાવથી પર તત્ત્વજ્ઞાન

સર્વેઽધિકારિણો મોક્ષે ગૃહિણસ્ત્યાગિનોઽપિ ચ ।
ન ન્યૂનાધિકતા તત્ર સર્વે ભક્તા યતઃ પ્રભોઃ॥

ગૃહસ્થો અને ત્યાગીઓ સર્વે મનુષ્યો મોક્ષના અધિકારી છે. તે બધા જ ભગવાનના ભક્તો છે, એટલે તેમાં ન્યૂન-અધિકભાવ ન કલ્પવો.

ત્યાગાશ્રમ અને ગૃહસ્થાશ્રમ બંને જીવન શૈલીઓ છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી આ બંને જીવન શૈલીઓને ઊંચા આદર સાથે સ્વીકારવામાં આવી છે. બ્રહ્મ-વિદ્યાની પ્રાપ્તિ ત્યાગાશ્રમ અને ગૃહસ્થાશ્રમ બંને માર્ગો દ્વારા થઈ શકે છે. આમાં પણ ઉચ્ચ-નીચનો ભેદ નથી એમ ભગવાન સ્વામિનારાયણે અતિ સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું છે. ભગવાન સ્વામિનારાયણે તત્ત્વજ્ઞાની થવાનો, બ્રહ્મવિદ્યા આત્મસાત્ કરવાનો અધિકાર બંનેને સમાન રીતે આપ્યો છે. ત્યાગી એટલે શ્રેષ્ઠ અને ગૃહી એટલે કનિષ્ઠ એવો ભેદભાવ તેમણે અધ્યાત્મમાર્ગમાં ક્યારેય સ્વીકાર્યો નથી.

તેમનાં વચનો દ્વારા આ વાત સમજાય છે. જેમ કે તેમણે કહ્યું: 'જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે તો પણ નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય.' (વચનામૃત ગઢડા મધ્ય ૮)

'ગૃહી-ત્યાગીનો કાંઈ મેળ નથી, જેની સમજણ મોટી તેને જ સૌથી મોટો હરિભક્ત જાણવો.' (વચનામૃત વરતાલ ૨૦)

આથી જ તો ભગવાન સ્વામિનારાયણ જે રીતે ત્યાગી સંતોનાં જીવનમાંથી પ્રેરણા લેવા ગૃહસ્થ હરિભક્તોને કહેતા, તે જ રીતે ગૃહસ્થ હરિભક્તોના જીવનમાંથી પ્રેરણા લેવા ત્યાગી સંતોને પણ કહેતા.

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં આવતા એક પ્રસંગમાં આ બાબત જોવા મળે છે. ગુણાતીતાનંદ સ્વામી મહારાજ કહે છે –

'મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી ભણતા હતા. તેની પાસે જઈને મહારાજ બેઠા. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું જે, 'દેશમાં સત્સંગ કેવા થયા ?' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'સત્સંગ તો બહુ થયો છે.' ત્યારે મહારાજ બોલ્યા

જે, 'તમે સત્સંગી કેવા થયા છો ?' ત્યારે કહ્યું જે, 'અમે તો ખરેખરા સત્સંગી થયા છીએ.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'તમે તો હજી ગુણબુદ્ધિવાળા સત્સંગી થયા છો ને ખરેખરા સત્સંગી થયા હો તો કહો જે, અમે ક્યાં હતા, ને ક્યાંથી આવીએ છીએ ?' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'ના મહારાજ! એવા સત્સંગી તો નથી થયા.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'અમારા ખરેખરા સત્સંગી તો ગોરધનભાઈ તથા પર્વતભાઈ આદિક છે, તે તો અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે.' પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ! એવા સત્સંગી કેમ થવાય ?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'એવા સત્સંગી તો, તો થવાય જો માયિકભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો, તો એવા સત્સંગી થાઓ.' (સ્વામીની વાતો ૩/૯)

આપણા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અક્ષરધામ જેવાં મહામંદિરોમાં પરમહંસો તથા સંતોની સાથે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત ગૃહસ્થ હરિભક્તોની પણ કલાત્મક મૂર્તિઓ પધરાવવામાં આવી છે, તે આ તત્ત્વજ્ઞાનમાં સમાયેલ સમભાવનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન'માં શાસ્ત્રોક્ત બ્રહ્મવિદ્યાને સમજવાનો, સમજાવવાનો, ભણવાનો, ભણાવવાનો, અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ-ઉપાસના કરવાનો અધિકાર ત્યાગી-ગૃહી સૌ કોઈને સમાન રીતે છે, એમ સૈદ્ધાંતિક રીતે સ્વીકારવામાં આવ્યું છે.

## સ્ત્રી-પુરુષના ભેદભાવથી પર તત્ત્વજ્ઞાન

સર્વેઽર્હા બ્રહ્મવિદ્યાયાં નાર્યશ્ચૈવ નરાસ્તથા ।
સ્વસ્વમર્યાદયા સર્વે ભક્ત્યા મુક્તિં સમાપ્નુયુઃ ॥

સ્ત્રી હોય કે પુરુષ હોય, બધા જ મનુષ્યો બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવા યોગ્ય છે. પ્રત્યેક મનુષ્ય પોતપોતાની મર્યાદામાં રહી ભગવાનની ભક્તિ દ્વારા મુક્તિ મેળવે.

ભગવાન સ્વામિનારાયણે મોક્ષમાર્ગને સ્ત્રી-પુરુષ જેવા લિંગભેદથી પણ સંકુચિત નથી કર્યો. સ્ત્રી હોય કે પુરુષ હોય બધા જ સમાન રીતે મોક્ષના અધિકારી છે – એમ તેઓએ સૈદ્ધાંતિક રીતે પ્રતિપાદન કર્યું છે. હા, એ ખરું કે એમણે સૌની સુખાકારી માટે, દુઃખદાયી દૂષણો નિવારવા માટે, પવિત્ર, આનંદમય અને નિષ્કલંક જીવન જીવી શકાય તે માટે તથા પરિશુદ્ધ ભક્તિ માટે ઉપયોગી મર્યાદાઓને પણ દૃઢપણે સ્વીકારી છે. આ મર્યાદાઓ કોઈ તિરસ્કારભાવથી નહીં કે પછી ઊંચ-નીચના ભેદભાવથી પણ નહીં, પરંતુ નિષ્પક્ષપણે સર્વનો સમાન રીતે મહિમા સમજી, હિત કરવાના ભાવથી સ્થાપી હતી. બાઈ-ભાઈ સર્વે આજે આ મર્યાદાઓનું પાલન કરી તેનાં સુખદ પરિણામ અનુભવી રહ્યાં છે.

સ્વામિનારાયણ ભગવાન સર્વે મુમુક્ષુઓમાં સમાનભાવ રાખી ઉપદેશ કરતા. મર્યાદા સાથે બાઈ-ભાઈ સર્વે તેમની તત્ત્વચર્ચામાં ઉપસ્થિત રહેતાં. વચનામૃતમાં નોંધાયેલ જેતલપુરની એક સભાના વર્ણનથી આ બાબત સ્પષ્ટ થાય છે. વર્ણન આ પ્રમાણે છે –

'પોતાના મુખારવિંદની આગળ સંત તથા દેશદેશનાં સત્સંગી બાઈ-ભાઈ સર્વેની સભા ભરાઈને બેઠી હતી.' (વચનામૃત જેતલપુર ૧)

આ સભામાં શ્રીજીમહારાજ પોતે જ એક પ્રશ્ન સમગ્ર સભાજનો પ્રત્યે કરે છે. એ વર્ણન આ પ્રમાણે છે –

'પછી શ્રીજીમહારાજ સર્વે સભા પ્રત્યે પ્રશ્ન પૂછતા હવા જે, આ લોકને વિશે સર્વે વાદના કરનારા છે તેમના બે મત છે, તેમાં એક તો દ્વૈત મત છે ને એક અદ્વૈત મત છે. તેમાંથી મુમુક્ષુ હોય તે કિયા મતને ગ્રહણ કરે?' (વચનામૃત જેતલપુર ૧)

આ વર્ણનમાં 'સર્વે સભા પ્રત્યે' શબ્દો એ સૂચવે છે કે શ્રીજીમહારાજ સભામાં ઉપસ્થિત સર્વને સંબોધીને ઉપરોક્ત ઉપદેશ કરે છે. એ સભામાં સંતો, સત્સંગી બાઈ-ભાઈ બધાં જ બેઠાં છે. આનો અર્થ એ થયો કે શ્રીજીમહારાજ ઇચ્છે છે કે તેમનાં આશ્રિત સર્વે મુમુક્ષુઓ શાસ્ત્રોક્ત બ્રહ્મવિદ્યાનો વિચાર કરે અને તેને યથાર્થ રીતે આત્મસાત્ કરે.

વચનામૃતમાં ત્યાગી સંતોના પણ પ્રશ્નો છે, ગૃહસ્થોના પણ છે અને સ્ત્રીઓના પણ છે. શ્રીજીમહારાજે સર્વને સંતોષકારક ઉત્તરો આપી તત્ત્વજ્ઞાની બનાવ્યાં છે.

આત્મા સ્ત્રી પણ નથી અને પુરુષ પણ નથી, એ તો દેહના ભાવ છે. આથી તેમાં ન્યૂનાધિકભાવ કલ્પવો અજ્ઞાન છે – એમ શ્રીજીમહારાજનો સ્પષ્ટ અભિપ્રાય હતો.

શ્રીજીમહારાજનો આ અભિપ્રાય સંપૂર્ણપણે બ્રહ્મસ્વરૂપ ગુણાતીત ગુરુપરંપરામાં જીવંત રહ્યો છે. તેઓ સૌને ધર્મ-

મર્યાદામાં રાખી ભગવાનના સ્વરૂપનો તત્ત્વે કરીને નિશ્ચય કરાવે છે. સત્સંગમાં જે કોઈ બાઈ-ભાઈનું ધર્મમર્યાદાયુક્ત જીવન હોય, ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય હોય, ભક્તિ હોય, સેવાભાવના હોય, તે જાણીને તેઓ અંતરથી મહિમાપૂર્વક પ્રસન્નતા દર્શાવે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના જીવનમાં આ બાબત અનેક વાર પ્રત્યક્ષ નિહાળી છે.

આ બાબતમાં એક પ્રસંગ જાણીએ. તા. ૩ મે, ૧૯૯૯ના રોજ સાંજે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દક્ષિણ ગુજરાતમાં આવેલ ધરમપુર ગામે પધાર્યા હતા. ત્યાં શ્રીજીમહારાજનાં પ્રસાદીનાં સ્થળે દર્શન કરવા ગયા. ત્યાંથી 'સ્વર્ગવાહિની' નામની નદીના પટમાં આવેલ એક વિશિષ્ટ ઓટાનાં દર્શન કરવા પધાર્યા. આ ઓટો શ્રીજીમહારાજની પ્રસાદીનો ન હતો, પરંતુ શ્રીજીમહારાજનાં આશ્રિત સંનિષ્ઠ મહિલા હરિભક્ત કુશળકુંવરબાનો ઓટો હતો. આ સ્થળે તેમનો અંતિમ સંસ્કાર થયો હતો. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ તે સ્થળે ગયા, શાંતિપાઠ કર્યો; ઓટા પર પુષ્પાંજલિ અર્પણ કરી પ્રદક્ષિણા પણ ફર્યા. આજીવન અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરનાર એક મહાન ત્યાગી, એક સ્ત્રીભક્તના સ્મૃતિસ્થળે જાય, ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરે અને તેની પ્રદક્ષિણા કરે એ જ દર્શાવે છે કે સાચી આધ્યાત્મિકતા દેહભાવથી પર હોય છે! મર્યાદા અને મહિમા પરસ્પર વિરોધી નથી.

આથી જ અક્ષરધામ જેવાં મહામંદિરોમાં પરમહંસો, સંતો તથા પુરુષ ભક્તોની જેમ જીવુબા, લાડુબા, લાધીબાઈ જેવાં સ્ત્રીભક્તોની પણ મૂર્તિઓ પધરાવવાનો આદેશ સ્વયં પ્રમુખસ્વામી મહારાજે જ આપ્યો હતો. આજે આ મૂર્તિઓ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતમાં સમાયેલ સમભાવની ગરિમાનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન'માં શાસ્ત્રોક્ત બ્રહ્મવિદ્યાને સમજવાનો, સમજાવવાનો, ભણવાનો, ભણાવવાનો, અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ-ઉપાસના કરવાનો અધિકાર સ્ત્રી-પુરુષ સૌ કોઈને સમાન રીતે છે – એમ સૈદ્ધાંતિક રીતે સ્વીકારવામાં આવ્યું છે.

## સર્વને સમાન ફળ આપતું તત્ત્વજ્ઞાન

જો ફળશ્રુતિ સમાન હોય, તો સમજવું કે અધિકાર સમાન મળ્યો છે. ભગવાન સ્વામિનારાયણે સર્વ મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાનનો, બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાનો કેવળ અધિકાર જ નથી આપ્યો, પરંતુ તેમણે પોતાના આશ્રિતોનાં જીવનમાં તે આત્મસાત્ થાય તેવી કૃપા પણ કરી. તેમના સમયથી લઈને આજ પર્યંત સંપ્રદાયમાં અનેક વ્યક્તિઓ, કે જે ગમે તે વર્ણમાં જન્મ્યો હોય, ત્યાગી હોય કે ગૃહસ્થ હોય, અને સ્ત્રી હોય કે પુરુષ હોય, સર્વને જીવન્મુક્તિ, નિર્વાસનિકતા, સદા આનંદનો અનુભવ, દ્વન્દ્વોમાં સ્થિરતા જેવાં આધ્યાત્મિક ફળો સમાન રીતે પ્રાપ્ત થયાં છે.

વચનામૃત ગ્રંથ દ્વારા આ વાત પ્રમાણિત થાય છે. શ્રીજીમહારાજે ઘણાં વચનામૃતોમાં પોતાના આશ્રિતોનાં અંગ કહ્યાં છે. જેમ કે ગઢડા અંત્યના ૨૪મા વચનામૃતમાં આ પ્રકારનું વર્ણન પ્રાપ્ત થાય છે : 'દાદાખાચરને વિશ્વાસનું અંગ, અને રાજબાઈને ત્યાગનું અંગ, અને જીવુબાઈને શ્રદ્ધાનું અંગ, અને લાડુબાઈને અમારી પ્રસન્નતા કરવી એ અંગ, અને નિત્યાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી એ અંગ, અને બ્રહ્માનંદ સ્વામીને સત્સંગની મર્યાદાનો કોઈ રીતે ભંગ ન થાય એવો આગ્રહ એ અંગ, અને મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ, અને સોમલાખાચરને સદા એકરહેણીપણું એ અંગ, અને ચૈતન્યાનંદ સ્વામીને એમ જે કોઈ રીતે મહારાજ પ્રસન્ન થાય એમ આપણી વતે વર્તાય તો ઠીક એ અંગ, અને સ્વયંપ્રકાશાનંદ સ્વામીને નિશ્ચય તથા માહાત્મ્ય એ અંગ, અને ઠાકોર ઝીણાભાઈને એમ જે, 'ભગવાન વિના બીજા પદાર્થમાં રખે મારું અંગ બંધાઈ જાય નહીં' એવું અંગ, અને મોટા આત્માનંદ સ્વામીને અમારા વચનનું ઉલ્લંઘન થાય નહીં એવું અંગ. એવી રીતે ઘણાક મોટેરા પરમહંસ તથા હરિભક્ત તેનાં અંગ કહ્યાં.'

વચનામૃત લોયા પ્રકરણ ૩ જેવાં અન્ય વચનામૃતોમાં પણ આ પ્રકારના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આજે પણ આ પ્રકારની ફળશ્રુતિનો અનુભવ અનેક સંતો તથા સત્સંગી બાઈ-ભાઈઓને થઈ રહ્યો છે.

## ઉપસંહાર

આ રીતે, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન'ને આત્મસાત્ કરવાનો અધિકાર સૌ મનુષ્યોને છે, સર્વ મુમુક્ષુઓને મુક્તિનો સમાન અધિકાર છે, બધા જ માનવો અક્ષરરૂપ થઈ દાસભાવે પુરુષોત્તમની ભક્તિ કરી શકે છે, બધા જ મનુષ્યો પરમ સુખના અધિકારી છે, સૌ કોઈ વેદાદિ શાસ્ત્રો ભણી શકે છે, ભણાવી શકે છે. વર્ણભેદ, આશ્રમભેદ કે પછી લિંગભેદના આધારે ઊંચ-નીચના ભાવો કલ્પવા એ દેહભાવ છે, અહંકાર છે, અજ્ઞાન છે, ઇત્યાદિ સિદ્ધાંતો પરબ્રહ્મ

સ્વામિનારાયણ પ્રબોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન'માં સૈદ્ધાંતિક રીતે સ્વીકારવામાં આવે છે. પરિણામે, એક સંપેલા પરિવારની ભાવના જાગી ઊઠે છે.

આપણે સૌ ભાગ્યશાળી છીએ કે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં રહી, ઊંચ-નીચના ભેદભાવ ભૂલી, સંપશક્તિથી અધ્યાત્મના માર્ગે આગળ વધી રહ્યા છીએ. તેમણે આપણને કોઈ પણ પ્રકારના ભેદભાવના દૂષણ રહિત, પરિશુદ્ધ અને પરાકાષ્ઠા રૂપ સમજણ મનનીય મંત્રરૂપે ભેટ આપી છે – **'અક્ષરમ્ અહં, પુરુષોત્તમદાસોસ્મિ'.**

આવો આપણે સૌ સાથે મળી આ સમજણને આત્મસાત્ કરી, એક સાથે અંતર્નાદ ગુંજાવીએ –

'બી.એ.પી.એસ. એક પરિવાર'.

અસ્તુ. ◆

**- સાધુ ભદ્રેશદાસ**

# બસ ! આ ભૂલશો નહીં : ગૃહશાંતિનો રાજમાર્ગ ઘરસભા

# Just Do Not forget This: Ghar Sabha – Royal Path for a Peaceful Home

ગોટલો શા માટે વાવવાનો?

આંબાનો છાંયડો મળે તે માટે? લાકડાંનું બળતણ મળે તે માટે? તોરણો લટકાવવા પાંદડાં મળે તે માટે? ના, આંબા પર કેરી મળે તે માટે ગોટલો વાવવાનો. કારણ કે કેરી માત્ર અને માત્ર આંબો જ આપી શકશે. કેરી તે જ આંબો વાવ્યાનું સાચું ફળ છે. કેરીની સાથે છાંયડો, લાકડાં અને પાંદડાં પણ મળે, પરંતુ આંબાનું ફળ તે નથી.

એ જ રીતે ઘરસભા શા માટે કરવાની? કલ્યાણ માટે! ઘરસભા એ ગુણાતીત સત્પુરુષની આજ્ઞા છે અને તે આજ્ઞાના પાલનનું સાચું અને સૌથી શ્રેષ્ઠ ફળ છે - કલ્યાણ. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જેવા સાક્ષાત્ ગુણાતીત સત્પુરુષની ઘરસભા કરવાની આજ્ઞાનું પાલન કરીને કલ્યાણ પામવું છે. બીજી કોઈ સાધનાથી કલ્યાણ ન મળે. વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ કલ્યાણ માટે તો ભગવાન અને સત્પુરુષનો જ રાજમાર્ગ ચીંધે છે. માટે, ઘરસભાની આજ્ઞાના પાલનથી કલ્યાણનું સર્વશ્રેષ્ઠ ફળ મળે અને સાથે સાથે પરિવારમાં સંપ, સંસ્કાર અને સમજણ સચવાશે, એ નફામાં.

ઘરસભા સ્વામીશ્રીની આજ્ઞાથી કરીએ છીએ એટલે જ તેનાં અન્ય મીઠાં ફળ પણ મળે જ છે. ઘી રોગ ત્યારે જ મટાડે છે, જ્યારે તેમાં વૈદ્યની માત્રા ભળે છે. તેમ ઘરસભા સંપ લાવે છે, સંસ્કાર સાચવે છે, સમજણ ખીલવે જ છે. કારણ કે તે સ્વામીશ્રીની આજ્ઞાથી કરવામાં આવે છે.

એકવાર મહુવામાં કોલેરાનો રોગચાળો ફાટી નીકળેલો. તેમાં વિઠ્ઠલભાઈ નામના સદ્‌ગૃહસ્થની પુત્રવધૂ પણ સપડાઈ. તેથી ઊગરવા તેઓ ભગતજી મહારાજ પાસે દોડી ગયા અને આ સંકટ દૂર કરવા કહ્યું. ત્યારે ભગતજી બોલ્યાઃ ‘હનુમાનજીને પાંચ શેર તેલ ચડાવી આવજો. સારું થઈ જશે.’

તે સાંભળી વિઠ્ઠલદા’ બોલ્યાઃ ‘એ તો હું ચડાવીને જ આવ્યો છું.’

‘તમને કોણે ચડાવવાનું કહેલું? મનધાર્યે પાર નહીં આવે. હવે અમારા કહેવાથી શ્રીજીમહારાજના એ પ્રાસાદિક હનુમાનજીને તેલ ચડાવો.’ ભગતજીએ જણાવ્યું.

આમ કરવાથી એ મહિલાને ઘેરી વળેલા રોગે વિદાય લીધેલી. કામ એ જ કર્યું, પણ આજ્ઞાથી કર્યું, તેથી લાભ થયો. તે જ રીતે ઘરસભાથી જે કંઈ લાભ જણાય છે તે સ્વામીશ્રીની આજ્ઞાથી કરવાને કારણે.

હાથ વડે ફેંકેલો પથરો કેટલે દૂર જાય? અને ગોફણમાંથી વછૂટેલો પથરો? હાથથી ઘા કરેલી ગોળી કેટલી આઘે જશે? પણ બંદૂકમાંથી નીકળેલી ગોળીની ગતિ અનેક ગણી વધી જશે? તેમ કેવળ પરિવારમાં સંપ ઊભો કરવા માટે, ફક્ત કુટુંબના સંસ્કારો સાચવવા માટે, માત્ર સમજણ વિકસાવવા માટેની એક ટેકનિક તરીકે ઘરસભા કરીશું તો શક્યતા છે કે પરિવારમાં સંપીલું-સંસ્કારી આછું-પાતળું વાતાવરણ કેળવાતાં ઘરસભાની જરૂરિયાત નહીં જણાય. કદાચ ઘરસભા કરવાથી સંપ કેળવાયાના, સંસ્કાર સચવાયાના લાભ ન જણાય તો પણ ઘરસભા ઠપ થઈ જશે, પરંતુ ઘરસભા કરવા પાછળ સ્વામીશ્રીની આજ્ઞા એ જ ચાલકબળ હશે તો લાભ-અલાભમાં પણ તે બરકરાર રહેશે.

આધ્યાત્મિક સાધનામાં, જીવનની સુખ-શાંતિમય યાત્રામાં સત્પુરુષની આજ્ઞાનું અનન્ય મહત્ત્વ છે. ઉપનિષદો, ભગવદ્‌ગીતા, શ્રીમદ્ ભાગવત જેવાં શાસ્ત્રોથી લઈને ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતો સુધી સત્પુરુષની આજ્ઞાનું મહત્ત્વ સર્વશ્રેષ્ઠ દર્શાવાયું છે. ભગવાન સ્વામિનારાયણ તો ત્યાં સુધી કહે છે કે ‘સત્પુરુષની આજ્ઞામાં વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.’

એવા મહાન ગુણાતીત સત્પુરુષ તરીકે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના હૃદયમાં આદર પામ્યા હતા. તેથી એક પ્રખર બૌદ્ધિક, વૈજ્ઞાનિક અને રાષ્ટ્રવડા હોવા છતાં તેમને માટે આધ્યાત્મિક મહાપુરુષ પ્રમુખસ્વામી મહારાજના મુખમાંથી નીકળેલા પ્રત્યેક શબ્દનું મહત્ત્વ અનન્ય હતું.

તા. ૩૦ જૂન, ૨૦૦૧ના રોજ ભારતરત્ન શ્રી ડૉ. અબ્દુલ કલામ દેશવિકાસ સંબંધી પોતાની પરિયોજનાની સમજૂતી સ્વામીશ્રીને આપી રહ્યા હતા. આ વિચારણા તેઓએ ભારતના વિવિધ ક્ષેત્રના ટોચના ૫૦૦ વિચારકો સાથે મળીને કરેલી. તે રજૂ કરીને તેઓએ સ્વામીશ્રી પાસે માર્ગદર્શન માંગ્યું ત્યારે સ્વામીશ્રી બોલેલાઃ 'ભારતની કાયાપલટ કરવા માટેનાં તમારાં પાંચ ક્ષેત્રોની સાથે છઠ્ઠું ઉમેરો – ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતા દ્વારા નાગરિકોનું નિર્માણ.' સ્વામીશ્રીનું આ સૂચન સાંભળી 'I was taken aback by the clarity, precision and force of his words.' અર્થાત્ 'હું સ્તબ્ધ બની ગયો - સ્વામીશ્રીના શબ્દોની સ્પષ્ટતા, ચોકસાઈ અને તાકાતથી!' આ રહેલો શ્રીકલામનો અનુભવ. ટોચના વિચારકોની મસલતમાંથી પણ જે છટકી ગયું હોય તે ઘડીના છઠ્ઠા ભાગમાં નજર સામે લાવી દે તેવા સ્વામીશ્રીની આપસૂઝ, પરાબુદ્ધિ, પ્રજ્ઞા વિષે શું કહેવું? એ પરાબુદ્ધિ કે પ્રજ્ઞામાંથી નીકળેલી આજ્ઞા છે ઘરસભાની.

કેવળ બુદ્ધિ મોણ વિનાના લોટ જેવી છે. તેનાથી સુખ- સિદ્ધિનાં પીંડાં ન બંધાય. બુદ્ધિમાં અનુભવ ભળે ત્યારે પરિણામ કંઈક જુદું અને યોગ્ય મળે. એકવાર ખભે નાંખેલી કડિયાળી ડાંગના ટેકે પોતાના બે હાથ ભેરવી એક ભરવાડ રાફડિયા લલકારતો જઈ રહેલો. તેની આસપાસ તેનાં સો ઘેટાં ઊંધું ઘાલીને હાલી રહેલાં. કોઈક ગોલ્ડ મેડલિસ્ટ એન્જિનિયરને ભરવાડની ટીખળ કરવાનો વિચાર આવ્યો. તેથી તેણે પૂછ્યુંઃ 'એય ગોકળી! કેટલાં ઘેટાં લઈને હાલ્યો?'

'પૂરા સો.'

'તે એમાંથી આગલાં પાંચ ઘેટાં રસ્તા હેઠે ઊતરી જાય તો સડક પર બાકી કેટલાં બચે?'

'એકેય નહીં.'

ભરવાડનો આ બેફિકરો જવાબ સાંભળી ઇજનેર અકળાયો. તેણે કહ્યુંઃ 'અરે, અક્કલ ગીરવે મૂકી છે કે શું? સો ઘેટાંમાંથી આગલાં પાંચ હેઠે ઊતરે તો બીજા ૯૫ ન વધે?'

'ના, સાહેબ.'

'કેમ નહીં?'

'સાહેબ! તમે ગણિતને જાણો છો, હું ઘેટાંને જાણું છું. આગલું ઘેટું હેઠે ઊતરે એટલે બાકીનાં બધાં હડેડાટ એમ જ કરે. આ ગાડરિયો પ્રવાહ છે.'

એન્જિનિયર પાસે બુદ્ધિ હતી, પણ ઘેટાંનો અનુભવ નહોતો તેથી ગણતરીમાં થાપ ખાધી.

પણ સ્વામીશ્રીએ ઘરસભાની આજ્ઞા કેવળ બુદ્ધિના બળે નથી આપી, તેઓના અનુભવમાંથી આ આદેશ આવ્યો છે. રોજના સેંકડો, મહિનાના હજારો અને વર્ષના લાખના લેખે જન-જનને મળતા રહેતા સ્વામીશ્રીનું હૃદય આપણા કુટુંબના કાર્ડિયોગ્રામને યથાર્થ ઝીલતું. તેઓ પાસે પળે પળે કરવટ બદલતા રહેતા સમાજની સોનોગ્રાફી હતી. વ્યક્તિ-વ્યક્તિની દુખતી નસોને તેઓ જાણતા. તે અનુસાર તેમણે હજારો કુટુંબોમાં સંવાદિતા સર્જેલી.

ઇંગ્લૅન્ડમાં વસતી એક મહિલાએ પોતાની સઘળી સંપત્તિ ઠાકોરજીનાં ચરણે ધરવાનો સંકલ્પ કરીને મંદિરમાં ઉત્સવ યોજેલો. તેમાં સૌ સગાંને નોંતરેલાં, સિવાય કે પોતાનો જ જણેલો એક દીકરો. કોઈક બનાવને કારણે તે મહિલા પોતાના જ સંતાન સાથેના સંબંધમાં લોઢાનો લીટો આંકી બેઠી હતી. સ્વામીશ્રીના ધ્યાનમાં આ વિગત આવતાં તેઓએ એક હરિભક્ત દ્વારા કહેવરાવ્યુંઃ 'જ્યારે બધું જ ભગવાનને આપો છો તો આ એક (સંતાનો સાથેનું અંતર) શા સારુ રાખવાનું? તમારે સંતાનો સાથેની આ આંટી પણ મૂકી દેવી જોઈએ.' અને તે આંટી ઓગળી ગઈ. તેણીએ સ્વામીશ્રીને કહેવડાવ્યુંઃ 'હું તમે કહો છો તેમ કરીશ. મારે સંપ્રદાયમાં બીજાં ફઈબા નથી બનવું.'

નડિયાદના બે મુરબ્બીઓ વચ્ચે મામલો એવો વકરેલો કે બેય એકબીજા સામે ફોજદારી અને દીવાની દાવા માંડીને બેઠેલા, પરંતુ સ્વામીશ્રીએ તેઓને સારંગપુરમાં પોતાની પાસે બોલાવી માત્ર પાંચ જ મિનિટમાં મનમેળ બેસાડી દીધેલો!

આવા તો લાખો પરિવારો સ્વામીશ્રીની કૃપાથી ધન્ય બન્યા છે. સ્વામીશ્રી પાસે રહેલ આવા બહોળા અનુભવોમાંથી નીકળ્યો છે ઘરસભાનો આદેશ.

પણ તેથીયે વિશેષ. આપસૂઝ અને અનુભવમાં શુદ્ધ આશય ન ઉમેરાય તો સરવાળે શૂળ અને શૂન્ય આવે. આજે બુદ્ધિના ખાં અને અનુભવમાં એક્કા ગણાતા કંઈક વકીલો, અસીલોને બાટલીમાં પૂરીને બૂચ મારવાનું કામ નથી કરતા? ઉચ્ચ ડિગ્રીધારી અને વર્ષોના અનુભવી ડૉક્ટરો દર્દીના શરીરની(અને ખિસ્સાંની પણ) અકારણ વાઢકાપ નથી કરતા? તેઓ પાસે બુદ્ધિ છે, અનુભવ છે, પણ આશય શુદ્ધ કે શુભ નથી. સ્વામીશ્રીના જીવનમાં આપસૂઝ અને અનુભવની ગંગા-જમના સાથે ઉમદા આશયની સરસ્વતી પણ ભળેલી. 'મને ક્યારેય કોઈનું અહિત થાય તેવો વિચાર આવ્યો નથી... બીજાના સુખમાં આપણું સુખ... બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ...' આ જ રહેલી એમની જીવન- શૈલી.

આમ, સ્વામીશ્રીનાં આપસૂઝ, અનુભવ અને આશયના ત્રિવેણી સંગમમાંથી પ્રગટેલું પ્રયાગ એટલે ઘરસભાની આજ્ઞા. કદાચ આ સમજાય - ન સમજાય, પણ તેઓએ કહ્યું છે એટલે આ કરવાનું. આ મૂઢમતિ નથી પણ શાણપણ છે.

એકવાર શાસ્ત્રીજી મહારાજે એક સંતને કોઈ કાર્ય અંગે આદેશ આપ્યો ત્યારે તે સંતે કહ્યું: 'આ વાત બુદ્ધિમાં બેસતી નથી.'

'નહીં બેસતી હોય તો બેસાડવી પડશે.' શાસ્ત્રીજી મહારાજ તરત જ બોલ્યા અને ઉમેર્યું: 'આપણી બુદ્ધિ ક્યાં ને મોટાપુરુષની ક્યાં? મોટા કહે તે ન બેસતું હોય તો પણ માની લેવું, ભડાકો ન કરવો. વચન ન ઠેલવું. તો મોટા પુરુષ સમજે કે, 'મોક્ષભાગી છે. પૂર્વનો સંસ્કારી છે.' અહીં શાસ્ત્રીજી મહારાજ સમજાવે છે કે આજ્ઞા વિશ્વાસથી પાળવાની છે. મહાભારતના મેદાનમાં અર્જુને કૃષ્ણને આ જ કહેલું: 'કરિષ્યે વચનં તવ.' તમે કહેશો તેમ કરીશ. આપણે પણ સ્વામીશ્રીને આમ જ કહેવાનું છે ને એમ જ કરવાનું છે.

સન ૧૯૬૭માં યોગીજી મહારાજ બોલેલા કે 'પ્રમુખસ્વામી મોટેરા. આપણે ઈ કહે તેમ કરવું. ટૂક ટૂક થઈ જવું. રાજી કરી લેવા. એ જીવનું ભાથું છે.' અહીં યોગીજી મહારાજ સમજાવે છે કે 'આજ્ઞા સત્પુરુષને રાજી કરી જીવના કલ્યાણ માટે પાળવાની છે.'

પ્રમુખસ્વામી મહારાજે તા. ૩-૧૦-૧૯૯૮ના રોજ લંડનમાં કહેલું: 'ઘરસભા અગત્યની સાધના છે. ઘરસભા શરૂ કરી પણ તેમાં 'સેટ' થવામાં ટાઇમ લાગે તો મૂકી ન દેવી. એક મકાનમાંથી બીજા મકાનમાં રહેવા જઈએ તો સેટ થવામાં વાર લાગે છે. એમ ઘરસભામાંય થાય. ભલે સભામાં કોઈ ન રહે તોય તમે પ્રયત્ન ચાલુ રાખો. એક દિવસ બધાને સેટ થઈ જશે.' તા. ૧૧-૬-૨૦૦૬ના રોજ સ્વામીશ્રીએ સુરતમાં કહેલું: 'આપણે શ્રદ્ધા, વિશ્વાસ ને ધીરજ રાખીને ઘરસભા કરીએ તો વાંધો ભાંગી જશે.'

મહંત સ્વામી મહારાજે પણ આ આદેશ ઘણીવાર દૃઢ કરાવ્યો છે. તા. ૧૩-૭-૨૦૧૭ના રોજ શિકાગોના બાળકોએ સ્વામીશ્રીને ચિત્ર દોરી આપવાનું કહ્યું, ત્યારે સ્વામીશ્રીએ ઘરનું ચિત્ર દોરી બાજુમાં લખેલું: 'ઘરસભા.' સ્વામીશ્રીના કાળજે હતું તે કલમ દ્વારા નીતરી રહ્યું.

તા. ૧૫-૭-૨૦૧૭ના દિવસે સ્વામીશ્રીની કાર હંકારનાર યુવાને સ્વામીશ્રીને કહ્યું: 'સ્વામી! હમણાં જ મારા લગ્ન થયાં છે.' તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'પ્રોબ્લેમ ઊભા થાય એ પહેલાં ઘરસભા ચાલુ કરી દેજો.'

આમ, જેમ એકાદશી, નિત્યપૂજા કરવી એ આદેશ છે, તેમ ઘરસભા કરવી તે સ્વામીશ્રીની આજ્ઞા છે. જો તે કરીશું તો સ્વયં સ્વામીશ્રી આપણો આભાર માનશે. કારણ કે તેઓ તા. ૩-૧૦-૧૯૯૮ના રોજ બોલેલા: 'અમે તમારો આભાર માનીએ છીએ કે તમે શ્રદ્ધા રાખીને ઘરસભા કરતા રહેશો. બસ! આ ભૂલશો નહીં...'

હા, બસ! આપણે આ ન ભૂલીએ. જે સ્વામીશ્રીની છબી -મૂર્તિને આપણે રોજ પૂજીએ છીએ, નમીએ છીએ, સ્મરીએ છીએ તેઓની આ પ્રસાદી માણવાનું ભૂલશો નહીં. જે સ્વામીશ્રીની છબી-મૂર્તિને આપણે ઘર-ગાડી કે ખિસ્સા- ખાનાંમાં સ્થાન આપ્યું છે તેઓની આ ભેટને ઘરમાં ગોઠવવાનું ભૂલશો નહીં. જે સ્વામીશ્રીની છબી-મૂર્તિને જોઈ આપણે હરખીએ છીએ તેને ઘરસભા કરીને હરખાવાનું ભૂલશો નહીં.

**- સાધુ આદર્શજીવનદાસ**

## નિબંધ - ૩

# નિત્યપૂજાના પ્રેરણાદીપકો

# Inspirations for Daily Personal Puja

વૈદિક સમયથી ભારતની ભૂમિ ભક્તિપ્રધાન ભૂમિ રહી છે. મંત્રરૂપે કરાતી પરમાત્માની આરાધનાથી લઈને અનેકવિધ વિધિવિધાનો સુધી ફેલાયેલી ભારતની ભક્તિ -પરંપરા વિશ્વને શાંતિ અને આધ્યાત્મિક આનંદની ચાવી બતાવે છે. ભૌતિક સુખમાં રચ્યોપચ્યો માનવી અંતે તેમાંથી અશાંતિ મેળવીને થાકે છે. પરંતુ આધ્યાત્મિક સુખ માનવીને હંમેશાં નૂતન આનંદની નવી ઊંચાઈએ લઈ જઈને, જીવનને શાંતિ અને કૃતાર્થતાનો અનુભવ કરાવે છે.

રોજબરોજના સાંસારિક જીવનની ઘટમાળ વચ્ચે પણ માનવી સુખનો એવા આધ્યાત્મિક અનુભવ કરી શકે તે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે નિત્ય પ્રાતઃપૂજા, માનસી પૂજા અને ભક્તિપૂર્ણ આહ્‌નિકોનો સરળ માર્ગ ચીંધ્યો છે.

વચનામૃતમાં તેઓ ઉચ્ચારે છેઃ 'જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત-ગાત્ર થઈને તથા ગદ્‌ગદકંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે, તો એ બેય શ્રેષ્ઠ છે. અને પ્રેમે કરીને રોમાંચિત-ગાત્ર અને ગદ્‌ગદકંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે તોય ન્યૂન છે અને માનસી પૂજા કરે છે તોય ન્યૂન છે.' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૩)

આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણે લાખોને નિત્ય પ્રાતઃપૂજા અને માનસી પૂજાનાં આધ્યાત્મિક આહ્‌નિકો દૃઢ કરાવીને તેમને દિવ્ય સુખમાં મહાલતા કર્યા હતા. ભગવાન સ્વામિનારાયણ પછી તેમના મહાન સંતો અને આધ્યાત્મિક અનુગામી ગુણાતીત ગુરુવર્યોએ અસંખ્ય લોકોનાં હૈયે આ નિત્યપૂજાની દૃઢતા સીંચીને તેમને આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચાડ્યા છે. 'પ્રાતઃપૂજા વિના પાણીનું ટીપુંય ન લેવું...' એ સ્વામિનારાયણીય સંસ્કારો ભગવાન સ્વામિનારાયણના સમયના રાજવી પુરુષોથી લઈને આજના આમ માનવી સુધી અસંખ્ય લોકોએ એવા આત્મસાત્ કર્યા છે કે તે ૨૦૦ વર્ષોથી સૌને માટે પ્રેરણાદાયી બની રહ્યા છે.

અહીં એવા કેટલાક પ્રેરક પ્રસંગોનું સ્મરણ થઈ આવે છે.

એક સમયે જેમની ધાકથી ચરોતર પ્રાંત થરથરતો હતો એવા ખૂંખાર ડાકુ જોબનપગીનું જીવનપરિવર્તન કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમને ભક્તિમય કરી દીધા હતા. જોબનપગીને પ્રાતઃપૂજા કરવાનો દૃઢ નિયમ. પ્રાતઃપૂજા વિના ક્યારેય મુખમાં અન્નનો દાણો કે જળનું ટીપુંય ન મૂકે. એકવાર જોબનપગી કામ પ્રસંગે પેટલાદ ગયા હતા. રાત્રે કામ પૂર્ણ ન થતાં ત્યાં રોકાઈ જવું પડ્યું. પ્રાતઃપૂજા ઘરે રહી ગઈ હોવાથી બીજે દિવસે તેમણે પાણીનું ટીપું પણ ન લીધું. પેટલાદથી કાર્ય પૂર્ણ ન થતાં તેમને બોચાસણ જવાનું થયું. અહીં ભક્તરાજ કાશીદાસને ત્યાં ઉતારો કર્યો. કાશીદાસે રસોઈ કરી. જમવાનો આગ્રહ કર્યો છતાં પ્રાતઃપૂજા ન થઈ હોવાથી તેમણે અહીં પણ પાણીનું ટીપુંય ન લીધું. વળી, અહીંથી કાર્ય પૂર્ણ ન થતાં તેમને ત્રીજે દિવસે આણંદ જવાનું થયું. અહીં જ્ઞાતિબંધુઓના ઘરે ઉતારો કર્યો. એ સૌના આગ્રહને વશ થયા વિના ત્યાં પણ તેઓ અણનમ રહ્યા અને અન્ન-જળથી વંચિત રહ્યા. ચોથા દિવસે તેઓ વડતાલ પાછા આવ્યા ત્યારે સ્નાન કરી પૂજા કરવા બેઠા.

સતત ત્રણ દિવસ કરતાં વધારે સમયથી અન્ન-જળ વિના રહેલા જોબનપગીની એ ભક્તિમય દૃઢતાથી પ્રસન્ન થઈને ભગવાન સ્વામિનારાયણ છેક વરતાલ સુધી ખેંચાઈ આવ્યા. ભગવાન સ્વામિનારાયણનું અચાનક જ આગમન જોઈને ભાવવિભોર થઈ ગયેલા જોબનપગી બોલી ઊઠ્યાઃ 'પ્રભુ! આપ અહીં અચાનક પધાર્યા!'

ત્યારે ભગવાન સ્વામિનારાયણે કહ્યુંઃ 'તમે નિયમનો ત્યાગ ન કર્યો તેથી હું પ્રસન્ન થઈ દર્શન દેવા આવ્યો છું!' એમ કહી ભગવાન સ્વામિનારાયણ તેમને સ્નેહથી ભેટી પડ્યા અને પોતાની અપાર પ્રસન્નતા વરસાવી દીધી.

ભગવાન સ્વામિનારાયણ અને તેમના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના અનન્ય ભક્તરાજ દરબાર અભેસિંહજી ગણોદના એક પ્રજાવત્સલ રાજવી હતા. એક વખત બ્રિટિશ અધિકારી ગણોદની મુલાકાતે આવ્યા ત્યારે અભેસિંહજી સ્વામિનારાયણીય સંસ્કારો મુજબ પ્રાતઃપૂજામાં રત હતા. તેમનો નિયમ હતો કે પ્રાતઃપૂજા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ કાર્ય ન કરવું.

તેમની લોકપ્રિયતા અને ધાર્મિકતાને કારણે ઈર્ષ્યાથી જલતા એક કલાભાઈ નામના માણસે આ સમયનો લાભ લઈને બ્રિટિશ અધિકારીને કહ્યું: 'સાહેબ! અભેસિંહ સ્વચ્છંદ છે. તેમને આપની કોઈ તમા નથી. તમે તેમને અહીં તેડાવશો તો તમારું પણ નહીં માને અને અહીં નહીં આવે.'

અધિકારીએ તાબડતોબ સંદેશવાહક સિપાહી દ્વારા અભેસિંહજીને તેડું મોકલ્યું, પરંતુ અભેસિંહજી પ્રાતઃપૂજામાં લીન હતા. તેઓની કાયમી સૂચના હતી તે મુજબ તેમના વતી જવાબ આપી દેવામાં આવ્યો કે હમણાં તેઓ નહીં આવે.

કલાભાઈએ અધિકારીને કહ્યું: 'જોયું ને? તમારુંયે ન માન્યું!'

અધિકારીએ ફરીથી બીજો માણસ મોકલ્યો, પરંતુ અભેસિંહજીને પૂજા કરવામાં વધારે સમય ગયો. આથી, અધિકારી ધૂંઆપૂંઆ થઈ ગયા. તેમની ધીરજનો અંત આવી ગયો. પરંતુ થોડીવારમાં જ પૂજા પૂર્ણ કરીને પાણીનું ટીપુંય લીધા સિવાય અભેસિંહજી તેમની પાસે પહોંચ્યા ત્યારે અધિકારીએ પૂછ્યું: 'અમારા હુકમ પ્રમાણે કેમ ન આવ્યા?'

ત્યારે અભેસિંહજીએ કહ્યું: 'સાહેબ! મારે પૂજાનો નિયમ છે. તે હું સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરતો હતો ને પૂજાની સમાપ્તિ થઈ નહોતી. બીજું માણસ આવ્યું ત્યારે પૂજાની સમાપ્તિ કરી જમ્યા વગર આવ્યો છું.'

અભેસિંહજીની શુદ્ધ નિષ્ઠા અને ભક્તિથી અધિકારી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું: 'ભગવાનની ભક્તિ કરતાં ઊઠ્યા નહીં એ સારું છે.' એમ કહીને કલાભાઈને ઠપકો આપતાં કહ્યું: 'તમે ઈર્ષા કરો છો અને અભેસિંહ મારું વચન નહીં માને એવું કહેતા હતા, પરંતુ એવું ક્યાં છે? એ તો ભગવાનની ભક્તિ કરતા હતા!'

અભેસિંહજીની એ ભક્તિ ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપે અનેકને પ્રેરણા આપતી રહી હતી.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અનન્ય શિષ્ય અને બે વખત ભારતના કાર્યકારી વડાપ્રધાન બનેલા શ્રી ગુલઝારીલાલ નંદાજી પણ પ્રાતઃપૂજાના નિયમમાં એવા ભક્તિનિષ્ઠ હતા. નિત્ય પ્રાતઃપૂજામાં એકસો માળા ફેરવવાનો તેમનો નિયમ. પૂજાની સાથે નિત્ય શિક્ષાપત્રી, વચનામૃત અને સ્વામીની વાતોનો પણ પાઠ કરવાનો તેમનો નિયમ.

એક વખત અમદાવાદમાં પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી અંબાલાલ સારાભાઈને ત્યાં યોજાયેલા એક કાર્યક્રમમાં તેમને જવાનું હતું. ત્યાં ૧૫૦ જેટલા મિલમાલિકો અને ધુરંધરો તેમની પ્રતીક્ષા કરતા હતા. પ્રાતઃપૂજા કરવામાં તેમને વિલંબ થયો. આથી પૂજા પૂર્ણ કરીને તેઓ ત્યાં પહોંચ્યા તો ખરા, પરંતુ પૂજા પછી કરાતો વચનામૃત-સ્વામીની વાતોનો પાઠ બાકી રહી ગયો હતો. આથી, એ સમારોહના અંતે તેઓએ ભોજનની સવિનય ના પાડી. સૌના અતિ આગ્રહને કારણે તેઓ સંમત થયા, એક જ શરતે કે તેઓ ઘરે જઈ, પાઠ કરી પછી જ પુનઃ અહીં આવીને જમશે! એ સિવાય ભોજન તો શું, પણ પાણીનું ટીપું પણ નહીં લે! અને તેઓ ઘરે જઈને, પાઠ કરીને પાછા ન આવ્યા ત્યાં સુધી સૌએ તેઓની પ્રતીક્ષા કરી! સૌ કોઈ તેમના આ નિયમથી નતમસ્તક બન્યા.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે પણ અનેક લોકોનાં જીવનમાં પ્રાતઃપૂજાનો આ નિયમ દૃઢાવ્યો છે. બાહરીનના શીખબંધુ શ્રી જસબીરસિંઘજી પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા ત્યારથી દૃઢ સ્વામિનારાયણીય ભક્ત બની રહ્યા છે. એક વખત તેમને વ્યાવસાયિક કાર્ય નિમિત્તે બાહરીનથી ન્યૂયોર્ક જવાનું થયું. એ સમયે પ્રમુખસ્વામી મહારાજ ન્યૂયોર્કમાં બિરાજતા હતા. જસબીરસિંઘ બાહરીનથી નીકળ્યા ત્યારે જન્માષ્ટમીના દિવસનો નિર્જળા ઉપવાસ હતો. ન્યૂયોર્ક પહોંચ્યા ત્યારે ૫૩ કલાક થઈ ચૂક્યા હતા. સ્વામીશ્રીએ તેમને સહેજ વાતચીતમાં જમી લેવા માટે જણાવ્યું. ત્યારે તેમણે કહ્યું: 'હજુ મારે પૂજાપાઠ બાકી છે.'

સ્વામીશ્રી તેઓની દૃઢતા જોઈ પ્રસન્ન થઈ ગયા. સખત પરિશ્રમ, બે દિવસના ઉપવાસ, વિમાનની કષ્ટદાયક મુસાફરીમાં પણ નિત્યપૂજાનો નિયમ દૃઢતાપૂર્વક રાખ્યો.

સમલિયાના અગ્રણી સત્સંગપ્રવૃત્તિ કાર્યકર શ્રી કાશીભાઈ સન ૨૦૦૪માં એક સેવાકાર્ય નિમિત્તે ભરૂચ આવેલા. એ સમયે અતિવૃષ્ટિને કારણે આજુબાજુનાં ગામોમાં વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. આથી, સંતોએ રાહત સામગ્રીના વિતરણ માટે તેઓને આજુબાજુનાં એ ગામોમાં મોકલ્યા. પૂરની પરિસ્થિતિને કારણે સાવ નજીકનાં એ ગામોમાં જઈને પાછા આવતાં છેક

સાંજના ૬-૦૦ વાગી ગયા. ત્યારબાદ ઘરે જઈ સ્નાન કરીને પૂજા કરવા પામ્યા. ત્યારપછી તેઓએ પાણી પીધું.

વડીલ હરિભક્તોથી લઈને યુવાનો અને નાનાં નાનાં બાળકો પણ એવી દૃઢતાથી નિત્ય પ્રાતઃપૂજાને અનુસરે છે.

સુરતના બી.એ.પી.એસ. બાળમંડળના સભ્ય રવિને કેન્સર થયું હતું. હૉસ્પિટલમાં દાખલ થયેલા રવિને ડૉક્ટરોએ સ્નાનની ના પાડી હતી. છતાં રવિએ નિત્ય નિયમ મુજબ સવારે સ્નાન કર્યું અને નીચે બેસીને તિલક-ચાંદલા સાથે પ્રાતઃપૂજા કરી. માતા-પિતાને પંચાંગ પ્રણામ કર્યાં. માળા ફેરવતાં ફેરવતાં તેણે દિવસ પસાર કર્યો. રાત્રે એણે પિતા અરુણભાઈને વાત કરીઃ 'પપ્પા! હવે કોઈપણ જાતની ચિંતા કરશો નહીં. શ્રીજીમહારાજ મારી બાજુમાં ઊભા છે. એમણે ચંદનના વાઘા પહેર્યા છે. મારા માથે હાથ ફેરવે છે ને મને આશીર્વાદ આપે છે.'

જીવનની છેલ્લી પળોમાં પણ નિત્યપૂજાનો નિયમ દૃઢ રાખનારા આવા બાળભક્તો પ્રેરણાની પવિત્ર જ્યોત સમાન બની રહ્યા છે.

બી.એ.પી.એસ. યુવક મંડળના સભ્ય ધવલ પટેલની વાત પણ એવી પ્રેરક છે. ધવલ હૉટેલ મૅનેજમેન્ટનું ભણ્યો હતો. એને એક ફાઈવસ્ટાર હૉટલમાં નોકરી મળી. બન્યું એવું કે એક દિવસ અતિવૃષ્ટિને કારણે ઘરે પાછા ફરાય એવી સ્થિતિ રહી નહીં અને એને હૉટલમાં જ રાતવાસો કરવો પડ્યો. આહારશુદ્ધિના નિયમોને કારણે એણે તે રાત્રે હૉટલમાં જમવાનું ટાળ્યું. બીજા દિવસે સવારે પૂજા સાથે ન હોવાથી તેણે અન્ન-જળ મોઢામાં મૂક્યાં નહીં. હૉટલના મૅનેજરે આગ્રહ પણ કર્યો, કહ્યું કે આમાં બહુ વાંધો નહીં. અત્યારે તું ખાઈ લે. પરંતુ એણે સ્પષ્ટપણે કહ્યું: 'મારી પૂજા ઘરે છે. એટલે ઘરે જવાનો મેળ પડે ત્યારે પૂજા કર્યા બાદ જ હું પાણી પીશ.' લગભગ અઢી દિવસ પછી પૂરનાં પાણી થોડાંક ઓસર્યાં એટલે પાણી વીંધતાં વીંધતાં ઘરે જઈને સ્નાન કર્યા પછી પૂજા કરીને એણે અન્ન-જળ લીધાં. એની આ દૃઢતા જોઈને પ્રમુખસ્વામી મહારાજ અત્યંત રાજી થઈ ગયા.

ન્યૂયોર્કના સંનિષ્ઠ સત્સંગી યુવાન હરિવદન પ્રકાશભાઈ મહેતાને થોડો સમય યુ.એસ. લશ્કરમાં તાલીમ માટે જવાનું થયું હતું. આ તાલીમ દરમ્યાન તેને ત્રણ દિવસ જંગલમાં જવાનું થયું. જંગલમાં કઠોર પરિશ્રમવાળી આ તાલીમ દરમ્યાન પહેલા જ દિવસે ભોજન આપવામાં આવ્યું, પણ એ અભક્ષ્ય હોવાથી હરિવદને કંઈ ખાધું નહીં. બીજા દિવસની સવારે જંગલમાં નાહવાની પણ કોઈ અનુકૂળતા ન થઈ શકી. આથી, તે પ્રાતઃપૂજા ન કરી શક્યો. આવું સતત ત્રણ દિવસ સુધી ચાલ્યું અને તે પ્રાતઃપૂજા ન કરી શક્યો. પરિણામે આ ત્રણેય દિવસ હરિવદને ઉપવાસ કર્યા. શરીરના ભુક્કા બોલાવી દે તેવી કઠોર લશ્કરી તાલીમ અને પરિશ્રમ વચ્ચે પણ ત્રણ-ત્રણ દિવસ સુધી તેણે મોઢામાં પાણીનું ટીપુંય મૂક્યું નહીં! ચાર દિવસે ઘરે આવી પ્રાતઃપૂજા બાદ પાણી પીધું!

તેના પિતાશ્રી પ્રકાશભાઈ પણ અમેરિકન લશ્કરમાં હતા. અહીં તેમને તિલક-ચાંદલો કરવા માટે મનાઈ ફરમાવવામાં આવી, પરંતુ આર્મીની કોર્ટમાં કેસ લડીને તેઓ પોતાના નિયમમાં મક્કમ રહ્યા હતા.

પિતા-પુત્રની આ દૃઢતાથી પ્રમુખસ્વામી મહારાજે અપાર પ્રસન્નતા વરસાવી હતી.

નિત્યપૂજાના એક ભાગરૂપે નિત્ય કરાતા તિલક-ચાંદલામાં પણ અનેક હરિભક્તોની દૃઢતા વંદનીય રહી છે.

સુરતમાં હીરા ઉદ્યોગમાં વ્યવસાય કરતા શ્રી ગણેશભાઈ ચલોડિયા શરૂઆતમાં નોકરી માટે એક કંપનીમાં ઇન્ટરવ્યૂ આપવા ગયા ત્યારે તેઓ પસંદગી પામી ગયા અને ઉચ્ચ પગાર સાથે નોકરી નક્કી થઈ ગઈ. પરંતુ કંપનીના શેઠને ગણેશભાઈના તિલક-ચાંદલા સામે વાંધો હતો. તેમણે કહેવડાવ્યું કે તિલક-ચાંદલો કાઢી નાખો તો તમને નોકરીએ રાખીએ. ગણેશભાઈએ કહ્યું: 'તિલક-ચાંદલો કાઢીને તો મારે પાંચ પૈસા પણ ન જોઈએ.' શેઠે ફરી કહેવડાવ્યું: 'જો તિલક- ચાંદલો કાઢી નાખે તો નક્કી કર્યો છે તેના કરતાં પણ વધારે પગાર અમે તમને આપીએ.' ગણેશભાઈએ મક્કમતાથી કહ્યું કે તો મારે આપની કંપનીમાં નોકરી કરવી જ નથી. એમ કહી તે સમયે તો તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા. પરંતુ એકાદ અઠવાડિયા પછી શેઠે સામેથી બોલાવ્યા, તિલક-ચાંદલા સહિત સ્વીકારી લીધા, અને વર્ષો સુધી એ જ કંપનીમાં તેમણે તિલક-ચાંદલા સાથે ઉચ્ચ પગારે નોકરી કરી!

આવી દૃઢતાથી પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પામીને કેટલાય યુવાનોએ પોતાની કારકિર્દીનાં દ્વાર ખોલ્યાં છે.

ગાંધીનગરના ચિરાગ ભાવસારને નોકરી મળતી ન હતી. એમાં એક કૉલેજમાંથી કહેણ આવ્યું. તેઓ ઇન્ટરવ્યૂ આપવા માટે ગયા. પ્રોફેસરે એમના દૈનિક ક્રમ પ્રમાણે ઊંધું ઘાલીને, પ્રશ્નો પૂછીને સંતોષકારક ઉત્તર મેળવી લીધો. અને પછી રિઝલ્ટ આપે એ પહેલાં ચિરાગની સામે જોયું. ચિરાગના કપાળ ઉપર ભપકાબંધ તિલક-ચાંદલો શોભી રહ્યો હતો. તેઓએ તરત જ

પૂછ્યું, 'તમે બી.એ.પી.એસ.ના છો?'

'હા. તમને કઈ રીતે ખબર પડી?' ચિરાગે પૂછ્યું.

પ્રોફેસરે કહ્યું: 'તમારા કપાળ ઉપર તિલક-ચાંદલો જોઈને.' અને તરત જ એમણે કહી દીધું કે મારે વિશેષ ઊંડાણપૂર્વક ઈન્ટરવ્યૂ લેવો નથી. તમે પ્રમુખસ્વામી મહારાજના શિષ્ય છો. મારે તમારું બીજું કાંઈ જોવું નથી. કાલથી નોકરી ઉપર આવી જજો.'

અમેરિકામાં ટેક્સાસ ખાતે રહેતા રમેશભાઈ રોયનું પ્રમુખસ્વામી મહારાજના યોગે પરિવર્તન થયું અને પછી તેમણે તિલક-ચાંદલો શરૂ કર્યો. ત્યારે જે કંપનીમાં કામ કરતા હતા એના ઉપરીએ કહ્યું: 'જો તિલક-ચાંદલો કરીશ, તો હું તને નોકરીમાંથી કાઢી મૂકીશ.' રમેશભાઈએ દૃઢતા સાથે કહ્યું: 'કાઢી મૂકશો તો મને કંઈ વાંધો નથી, પણ હવે આ કપાળ ઉપરથી તિલક-ચાંદલો નહીં જાય.'

જો કે વાત એમ જ બની. તે ઉપરીએ ઘણા પ્રયત્નો કર્યા. તેમણે રમેશભાઈનો વિકલ્પ શોધવાનું ચાલુ કરી દીધું. પણ એમના જેવી કાર્યક્ષમતાવાળો એક પણ માણસ મળ્યો નહીં. આથી પરાણે રમેશભાઈને જ રાખવા પડ્યા.

તેઓને અમેરિકન સિટિઝનશિપ લેવા જવાનું હતું, તે વખતે મિત્રોએ સલાહ આપી હતી કે તિલક-ચાંદલો ભૂંસી નાખજે. ત્યારે તેઓ દૃઢતાપૂર્વક કહે: 'સિટિઝનશિપ નહીં મળે તો વાંધો નથી, પણ તિલક-ચાંદલો તો નહીં જ ભૂંસાય.'

તેમની દૃઢતાથી તેમને ક્યાંય ઊની આંચ આવી નથી. ઊલટું, આજે તેઓ પોતાના ધંધામાં બાદશાહ બની ગયા છે.

પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જીવનભર લાખો યુવાનોને નિત્યપૂજા અને તિલક-ચાંદલાની પ્રેરણા આપતા રહ્યા છે. ક્યારેક સ્નેહના હક્ક-દાવા સાથે તેમના જીવનમાં ઊંડો રસ લઈને પ્રમુખસ્વામી મહારાજે તો પુણ્યપ્રકોપ વ્યક્ત કરીને પણ શ્રીહરિની આ આજ્ઞામાં અનેકને મક્કમ બનાવ્યા છે.

એક પોલીસ અધિકારી એવા સત્સંગી યુવાનને પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું: 'મંદિરે દર્શન કરવા અવાય છે?'

'ઓછું.'

'પૂજા નિયમિત થાય છે?'

'બાપા! સાચું કહું છું, નથી થતી.'

'તો તમારા બાપ-દાદાએ સત્સંગ કર્યો શું કામનો?' સ્વામીશ્રીએ તેઓને લાગણીભર્યો પ્રશ્ન પૂછીને આગળ વાત કરતાં કહ્યું: 'ગમે તે થાય, સવારે ઊઠીને પૂજામાં પાંચ માળા કરી જ લેવી. પ્રાર્થના કરવી કે જે કાર્ય તમે કરો છો, એ સારામાં સારું થાય, સુખ રહે, શાંતિ રહે. ખટકો ન રાખ્યો તો જુઓ સાવ કોરું થઈ ગયું. અંદર ખાલી થઈ ગયું. અમે આવીએ અને લટક સલામ કરીને નીકળી જાવ, એ શું કામનું? આજથી નિયમ લ્યો, નિયમિત પૂજા કરવી છે અને મંદિરે દર્શને, રવિસભામાં આવવું છે.'

સ્વામીશ્રીએ હક્કપૂર્વક જૂના સત્સંગીના દીકરાને સત્સંગ-ઉન્મુખ કર્યા.

અમેરિકામાં એક યુવાન પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવ્યો હતો. પૂછપરછ કરતાં સ્વામીશ્રીને ખબર પડી કે તેણે થોડા સમયથી પ્રાતઃપૂજા કરવાનું બંધ કરી દીધું હતું, પરંતુ સંતોની પ્રેરણાથી પુનઃ પ્રાતઃપૂજા કરવાની ઇચ્છા થઈ હતી. સ્વામીશ્રીએ તેને પૂછ્યું: 'કેમ પૂજા મૂકી દીધી હતી?'

'ભણવામાં રિઝલ્ટ બરાબર ન આવ્યું એટલે.'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે: 'ગ્રહણ પહેલું પૂજાને જ નડે છે!' પછી કહે: 'કેટલાક લોકો પૂજા મૂકવાનું નિમિત્ત શોધતા જ હોય! શરીરને કાંઈ થયું તો પૂજા મૂકી દે. પરીક્ષામાં રિઝલ્ટ બરોબર ન આવ્યું કે પૂજા મૂકી દે. થોડું આઘુંપાછું થાય તો પૂજા કટ થઈ જાય. પૂજા કટ કરવા જતાં આપણે કટ થઈ જઈએ એ ન વિચારે. જીવનમાં બીજું ઘણું બધું કટ કરવાનું છે. સ્વભાવ કટ કરવા, પણ પૂજા તો રાખવી જ. રિઝલ્ટ બરાબર ન આવ્યું તો વિચારવું કે કેમ એમ થયું? તું બીજા જોડે ફર્યા કરતો હો, વાંચ્યું ન હોય, ટી.વી. જોવામાં સમય બગાડતો હો, ક્લાસમાં ધ્યાન ન આપ્યું હોય પછી છેલ્લે પરીક્ષા આવી જ જાય ને! પછી રિઝલ્ટ કેવું આવે? હવે સારું રિઝલ્ટ લાવવું હોય તો પૂજા નિયમિત કરજે. જ્યાં જવાનું થાય ત્યાં નિત્યપૂજા સાથે લઈ જવી. તિલક-ચાંદલો કરવો. એમાં શરમ શાની? શરમ તો બીજી ઘણી વસ્તુમાં કરવાની છે. આ તો આપણું પ્રતીક છે.'

સ્વામીશ્રીની આ સ્નેહવર્ષાએ તેને ભક્તિમાં મક્કમ બનાવી દીધો.

સન ૨૦૦૬માં પ્રમુખસ્વામી મહારાજ લંડન બિરાજતા હતા એ દરમ્યાન બૅલ્જિયમથી એક હરિભક્ત તેઓનાં દર્શને આવ્યા હતા. તેઓનો સુપુત્ર પણ સાથે હતો. તેઓએ સુપુત્રના કપાળની સામે દૃષ્ટિ કરાવતાં સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! જુઓ,

આ તિલક-ચાંદલો નથી કરતો, પૂજા કરે છે.'

સ્વામીશ્રી કહેઃ 'કેમ કંઈ તકલીફ છે?'

'શરમ આવે છે.' પેલા કિશોરે વાત કરી.

સ્વામીશ્રી કહેઃ 'આ તારા પપ્પાની સામે જો. એમણે કેવો ભપકાબંધ તિલક-ચાંદલો કર્યો છે! એમને શરમ નથી આવતી ને તને કેમ આવે છે? ખોટું કરતા હોઈએ તો શરમ રાખવી, પણ તિલક-ચાંદલો કરવામાં નહીં. આપણે કરીએ ને બીજાને નુકસાન જતું હોય તો બરાબર છે, પણ આમાં બીજાને કંઈ નુકસાન થાય? થોડા દહાડા શરમ જેવું લાગશે, પણ પછી ટેવાઈ જશે, માટે કાલથી શરૂ કરી દેજે.' એમ કહીને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ બે પુષ્પો હાથમાં લીધાં અને લાલ રંગનું પુષ્પ એને આપ્યું અને સફેદ રંગનું પુષ્પ એના પિતાશ્રીને આપ્યું અને કહ્યુંઃ 'હવે તિલક-ચાંદલો કરજો. તને આ રંગનું પુષ્પ આપ્યું છે એટલે હવે તિલક- ચાંદલો કરજે.'

આ સાંભળીને એના પિતાશ્રીએ રમૂજમાં કહ્યુંઃ 'મને સફેદ આપ્યું એટલે શું મારે તિલક-ચાંદલો નહીં કરવાનો?'

મંદ સ્મિત કરતાં સ્વામીશ્રી કહેઃ 'તારું અંતઃકરણ શુદ્ધ થાય એટલે સફેદ પુષ્પ આપ્યું છે.'

સન ૨૦૦૫માં પ્રમુખસ્વામી મહારાજ અટલાદરા ખાતે બિરાજતા હતા ત્યારે અમેરિકાના એક હરિભક્ત પોતાના ડૉક્ટર સુપુત્ર સાથે તેઓનાં દર્શને આવ્યા હતા. એ હરિભક્તનો સુપુત્ર ચુસ્ત સત્સંગી છે અને ભપકાબંધ તિલક-ચાંદલો કરે છે. આ સંદર્ભમાં તેના પિતાશ્રી સ્વામીશ્રીને કહેઃ 'તમે આને સમજાવો કે આટલો ભપકાબંધ ચાંદલો ન કરે, થોડોક ઝાંખો કરે. એ આમ ચાંદલો કરીને જાય એટલે ૧૦,૦૦૦ માણસોની વચ્ચે જુદો પડી જાય છે.'

આ સાંભળતાં સ્વામીશ્રી તેઓને અટકાવતાં કહેઃ 'અક્ષરપુરુષોત્તમવાળા દુનિયામાં તો શું આખા બ્રહ્માંડમાં જુદા પડે એવા હોય, એટલે એ ચાંદલો કરે છે એ બરાબર જ છે. આપણે તો ભપકાબંધ ચાંદલો જ કરવાનો છે. જીવનમાં સત્સંગ જ પ્રધાન રાખવાનો છે.'

એમ કહીને સ્વામીશ્રી મલકી ઊઠ્યા અને એ યુવાન પ્રત્યે પ્રસન્નતા વરસાવી દીધી.

વલ્લભવિદ્યાનગર ખાતે બી.એ.પી.એસ. છાત્રાલયમાં રહીને ભણતા સંદીપને હજુ તિલક-ચાંદલો કરવામાં ખચકાટ થતો હતો. એ અરસામાં પ્રમુખસ્વામી મહારાજ અહીં પધાર્યા હતા. યુવાને નિખાલસ ભાવે પોતાના ખચકાટની વાત તેમને કરી. સ્વામીશ્રી મંદ હાસ્ય કરતાં કહેઃ 'ખચકાટ શાનો છે? કોઈ ના પાડતું હોય તો તેની સાથે નેગોશીએશન કરીએ...'

'ના ના, એવું નથી. પણ મનમાં એવું રહે છે કે કરવો તો જીવન વ્યવસ્થિત નિયમ-ધર્મવાળું થાય પછી કરવો.'

સ્વામીશ્રીએ સ્નેહથી સમજાવતાં કહ્યુંઃ 'એ તો તું તિલક- ચાંદલો કરવા માંડીશ, એટલે ધીમે ધીમે વ્યવસ્થિત થવાશે. તું એમ.બી.એ.નું ભણવા બેઠો તો તને આવડ્યું ને! એમ એક વાર કરવા માંડીશ એટલે મનોબળ વધશે. લોકોને ભલે જે બોલવું હોય તે બોલે.'

સંદીપે હળવી દલીલ કરતાં કહ્યુંઃ 'પણ અમે ટૂર ઉપર જઈએ ત્યાં જમવામાં લસણ-ડુંગળીનો પાઉડર નાખેલો હોય. ખબર જ ના પડે. ખાધા વગર છૂટકો જ ન થાય. ત્યારે એમ થાય કે આનાં કરતા તિલક-ચાંદલો ના કરવો સારો.'

શીઘ્રતાથી સ્વામીશ્રીએ તેને કહ્યુંઃ 'તને એ વિચાર આવે છે એ કરતાં પેલું ખાવા જેવું નથી એમ વિચાર કર ને! એવું આવે ત્યારે એક દા'ડો ઉપવાસ કરી નાખવો! દૂધ ઉપર રહેવું. શરીર તો ટકશે જ. આપણે તો દૃઢતા રાખવી. અંદર ડુંગળી હોય કે ના હોય, બહારનું ખાવું જ નહીં. દૂધ ને બીજા ઉપર તો મહિના સુધી રહેવાય. આ તો આસક્તિ છે એટલે ખવાય છે, બાકી વાંધો નથી.'

'પણ જમવાનું સામે આવે એટલે મન લલચાઈ જાય છે.' તેણે કહ્યું.

સ્વામીશ્રી કહેઃ 'મનને જ કંટ્રોલ કરવાની વાત છે ને! રહેવાય નહીં એવું કાંઈ નથી. આ તો ખોટું જ લલચાઈ જવાય છે. મનને બરાબર રાખવું તો ભગવાન મદદે આવે જ. ગમે ત્યાં સગવડ થઈ જાય.'

સ્વામીશ્રી ખૂબ ભાવમાં આવીને બોલી રહ્યા હતા. સંદીપને લાગ્યું કે સ્વામીશ્રીને રાજી કરવા હોય તો તિલક- ચાંદલો કરવો જ પડશે.

સન ૨૦૦૬માં પ્રમુખસ્વામી મહારાજ બોચાસણ ખાતે બિરાજતા હતા. અહીં એક લગ્ન પ્રસંગે લંડનથી ભારત આવેલા યુવાનોને તેમણે જોયા. સ્વામીશ્રીએ સૌના કપાળની સામે જોયું. બધાએ તિલક-ચાંદલો કર્યો હતો.

સ્વામીશ્રીએ પૂછ્યુંઃ 'રોજ તિલક-ચાંદલો કરો છો ને?!' બધાઓ હા પાડી. પરંતુ એમાંનો એક યુવાન કહેઃ 'હું લંડનમાં

હઉં ત્યારે કરતો નથી.'

સ્વામીશ્રીએ કહ્યું: 'તમે લોકો લગ્નમાં આવ્યા છો. લગ્ન નિમિત્તે જશો ત્યાં તમને ચાંદલો કરશે જ. એમ અત્યારે તું અહીં આવ્યો છે એ ભગવાનના લગ્નમાં આવ્યો છે. માટે અમે તને ચાંદલો કરીએ છીએ કે રોજ તારે કાયમ ચાંદલો કરવો.' આટલું કહીને પોતાના જમણા હાથના અંગૂઠાથી સ્વામીશ્રીએ એના કપાળ ઉપર સ્પર્શ કરીને ચાંદલો કરવાની મુદ્રા કરી અને જીવનભર તિલક-ચાંદલો કરવાની આજ્ઞા કરી.

**- સાધુ અક્ષરવત્સલદાસ**